પાઠત પઠત જોઇ સંત સુખ પાવૈ સોઈ,
વિમલકીરતિ હોઇ સારૈ હી સુહાવની,
સંવત સત્તર પચીસ કાત્તિ વદિ નૌમિ દીસ,
વાર હૈ વિમલ ચંદ આનંદ વધામની,
નૈર રિણીકું નિરખ નિતહી વિજૈહરખ,
કીની તહાં ધર્મસીહ નામ ધર્મબાવની. ૫૭

(૧) ઇતિ સવૈયા બંધ બાવની સં.૧૮૨૯ મૃગશીર વદ ૨ ગુરૂ રામવિજય લિ. ૫.સં.૭-૧૫, જૈનાનંદ. નં.૩૩૮૫. (૨) સં.૧૮૬૨ કા.શુ. ૧૫ લુણકરણસર મધ્યે. ૫.ક.૪૨થી ૪૫, ચતુ. પો.૨. (૩) સં.૧૭૩૯ ચૈ.વ.૬ ભુજનગરે. જિ.ચા. પો.૮૩ નં.૨૧૦૬.

પ્રકાશિત : ૧. પ્રકા. વા.મો. શાહ, સને ૧૯૧૧. [૨. ધર્મવર્ધન ગ્રંથાવલી.]

**(૩૨૬૭) + ૧૪ ગુણસ્થાન [ગર્ભિત સુમતિજિન] સ્તવન ર.સં. ૧૭૨૯ શ્રાવણ વદ ૧૧ બાહડમેરમાં**

**આદિ –** ઢાલ ૧. થંભણપુર શ્રી પાસ જિણંદો એહની.
**સુમતિ** જિણંદ સુમતિદાતાર, મનસુધ બહુ બારોબાર.

**અંત –** કલશ
ઇમ નગર **બાહડમેરૂ**મંડણ **સુમતિ**જિન સુપસાઉલે,
ગુણ ઠાણ ચૌદ વિચાર વર્ણ્યો, ભેદ આગમને ભલે,
સંવત **સતર ઓગણત્રીસે** શ્રાવણ વદિ એકાદશી,
વાચક **વિજયહર્ષ** સાંનિધ કહે એમ મુની **ધરમસી.**

(૧) સ્તવનાવલિ, જૈ.એ.ઈ.ભં. (૨) લિ.૧૯૦૬ ચૈ.શુ.૧૩ ગુરુ, બંસીધર રતલામ મધ્યે. ૫.સં.૩-૧૪, આ.ક.ભં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચી, ભા.૧ (પૃ.૨૫૪, ૪૯૫).]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય. [૨. ધર્મવર્ધન ગ્રંથાવલી. ૩. જૈન પ્રબોધ પુસ્તક તથા અન્યત્ર.]

**(૩૨૬૮) + દંડકવિચારગર્ભિત [પાર્શ્વ] સ્તવન ૪ ઢાળ ર.સં.૧૭૨૯ દિવાલી જેસલમેરમાં**

**આદિ –** પૂર મનોરથ **પાસ** જિણેસર એહ કરૂં અરદાસજી

**અંત –** કલશ

JAIN REFERENCE LIBRARY ACHARYA SURENDRASURI JAIN TATVA GYANSHALA Page 2/2



ઈમ સકલસુખકરં નગર **જેસલમીર** મહિમા દિનદિને,
સંવત **સત્તરે ઉગુણત્રીસે** દિવસ દીવાલી તણે,
મણિ વિમલ ચંદ સમાન વાચક **વિજયહર્ષ** સુસીસ એ,
શ્રી **પાસ**ના ગુણ ઇમ ગાવે **ધરમસી** સુજગીસ એ. ૩૪

(૧) સ્તવનાવલિ, જૈ.એ.ઈ.ભં. (૨) પ.સં.૨-૧૪, આ.ક.ભં. [હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૨૫૦, ૨૫૫ – ધર્મવિજયને નામે).]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૧૮૫થી ૧૮૮. [૨. ધર્મવર્ધન ગ્રંથાવલી તથા અન્યત્ર.]

**(૩૨૬૯) + અઢી દ્વીપ વીસ વિહરમાન સ્ત.** ૩ ઢાળ ૨.સં.૧૭૨૯ જેસલમેરમાં

**આદિ** – વંદૂ મન સુધ વિહરમાન જિનેસર વીસ.
દ્વીપ અઢીમેં દીપૈ, જયવંતા જગદીસ

**અંત** – ઈમ અઢી દ્વીપે પનરે કરમાંભૂમિ ક્ષેત્ર પ્રમાંણ રે,
શ્રી સિદ્ધાંત પ્રકરણ ભાખ્યા, વીસ વિહરમાંન એ,
શ્રી નગર **જેસલમેર** સંવત **સતરે ગુણત્રીસે** સમે,
સુખ **વિજયહરષ** જિણંદ સાનિધ નેહ ધરી **ધ્રમસી** નમે. ૨૬

(૧) પ.સં.૨-૧૨, આ.ક.ભં. [મુપુગૂહસૂચી – સુખવિજયને નામે, રાહસૂચી ભા.૧.]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૨૨૩થી ૨૨૭. [૨. ધર્મવર્ધન ગ્રંથાવલી તથા અન્યત્ર.]

**(૩૨૭૦) + સમવસરણ વિચારગર્ભિત સ્ત.** [અથવા **ત્રિગડા સ્ત.**] ૨૭ કડી

**આદિ** – દૂહા.
શ્રી જિનસાસનસેહરો, જગગુરૂ **પાસ** જિણંદ,
પ્રણમિ જેહના પાયકમલ, આવી ચોસઠ ઈંદ. ૧

**અંત** – કલશ.
ઈમ સમવસરણે ઋદ્ધિવરણે સહૂ જિનવર સારખી,
સદ્દહે તે લહે શુદ્ધ સમકિત પરમ જિનધર્મ પારખી,
પ્રકરણ સિદ્ધાંત ગુરૂપરંપર સુણી સહુ અધિકાર એ,
સંસ્તવ્યો **પાસ** જિનંદ પાઠક **ધર્મવર્દ્ધન** ધાર એ. ૨૭

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૬૨૮).]

Mo. 9512234311 www.jainreferencelibrary.org jaintatvagyanshala@gmail.com